# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

**નગરપાલિકાના મુખ્ય અધિકારી વર્ગ-૩ (જાહેરાત ક્રમાંક: ૬૬/૨૦૧૬-૧૭) ની લેખિત મુખ્ય પરીક્ષાના ઉમેદવારો માટે**

૧. ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળની નગરપાલિકાના મુખ્ય અધિકારી વર્ગ-૩ (જાહેરાત ક્રમાંક: ૬૬/૨૦૧૬-૧૭)ની ભરતી માટે તા.૦૯/૦૪/૨૦૧૭ના રોજ લેવાયેલ પ્રાથમિક કસોટીમાં સફળ થયેલ ઉમેદવારોનું કામચલાઉ પરિણામ તા.૦૬/૦૭/૨૦૧૭ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે આયોગની વેબસાઈટ GPSC MOBILE APPLICATION, and GPSC(official) Twitter: @GPSCOFFICIAL ઉપર મૂકવામાં આવેલ છે.

૨.પ્રાથમિક કસોટીમાં કામચલાઉ ધોરણે સફળ થયેલ ઉમેદવારોએ તા.૦૪/૧૧/૨૦૧૭ (શનિવારે) તથા તા.૦૫/૧૧/૨૦૧૭ (રવિવાર )ના રોજ આયોગ દ્વારા યોજાનાર આ જગ્યાઓ માટેની લેખિત મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે. જે માટે ઉમેદવારોએ લેખિત મુખ્ય પરીક્ષા માટે તા.૦૮/૦૮/૨૦૧૭ ના બપોરે ૧૩:૦૦ કલાકથી તા.૨૨/૦૮/૨૦૧૭ના બપોરે : ૧૩:૦૦ કલાક સુધીમાં આયોગની વેબસાઈટ **https://gpsc-ojas.gujarat.gov.in** પર " Online " અરજીપત્રક ભરવાનું રહેશે. સદરહુ પ્રાથમિક કસોટીમાં કામચલાઉ ધોરણે સફળ થયેલ ઉમેદવારોએ નીચે મુજબની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી તેનું પાલન કરવાનું રહેશે.

૩. **(i) online** અરજી કરવાની રીત : અરજીપત્રક online ડાઉનલોડ કરવા માટે, ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર / સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની છે. આયોગની **https://gpsc-ojas.gujarat.gov.in** વેબસાઇટ પર **Preliminary/Main Exam Call letter "Click"** કર્યા પછી **"Main Exam Form/ Call letter"** પર **"Click"** કરવું. **(ii)** અહીં ઉમેદવારે પોતાની **"Select Job"** માં – "**GPSC**/20162017/66- **"Main Exam"** નગરપાલીકા મુખ્ય અધિકારી વર્ગ૩""**Select"** કરવું. **(iii)** ત્યારબાદ ઉમેદવારે પોતાનો **"Confirmation Number"** અને **"Birth Date"** ટાઇપ કરવાના રહેશે. ત્યારબાદ **"OK"** click કરવાથી ફોમ ખૂલશે. ત્યારબાદ ઉમેદવારે સામાન્ય અભ્યાસના પેપર માટે ગુજરાતી અથવા અંગ્રેજી માધ્યમનો વિકલ્પ જણાવવાનો છે, જે માટે double validation રાખવામા આવેલ હોવાથી ઉમેદવારે પૂરતી ખાત્રી કરી પોતાના માધ્યમના વિકલ્પને બે વખત ક્લીક કરવાનુ રહેશે. અરજીપત્રક એક વાર **'Save'** થયા બાદ તેમાં કોઈપણ સુધારા / વધારા થઈ શકશે નહીં. તેની ખાસ નોંધ લેવી.ત્યારબાદ તમારા અરજીપત્રકની Print Main Exam Form દ્વારા પ્રિન્ટ આઉટ મેળવી લેવાની રહેશે અને ફક્ત બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ "Post Office Challan" ની પ્રિન્ટ કાઢવાની રહેશે. **(iv)** બિનઅનામત કક્ષાના ઉમેદવારે લેખિત મુખ્ય પરીક્ષામાં બેસવા અંગેની ભરવાની થતી ફી સંદર્ભે **"print postoffice challan"** ઉપર ક્લિક કરીને પ્રિન્ટ આઉટ મેળવી નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૨૦૦/-ફી + પોસ્ટલ ચાર્જિસ ભરવાનો રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં ફી ભર્યા પછી જો **OJAS** પરથી ફી મળ્યા બદલનો મેસેજ ન મળે તો તુરત જ જે પોસ્ટ ઓફીસમાં ફી ભરી હોય તે પોસ્ટ ઓફીસને તેની જાણ કરવી અને તે અંગેની સ્પષ્ટતા મેળવી લેવી. આ ફી ફક્ત પોસ્ટ ઓફીસ દ્વારા જ સ્વીકારવામાં આવશે, રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઇન્ડીયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. **(v)** બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ આ ચલણ તથા લેખિત મુખ્ય પરીક્ષાના અરજીપત્રકમાં માંગવામાં આવેલ દસ્તાવેજો સાથેનું લેખિત મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક જ્યારે અનામત કક્ષાના ઉમેદવારોએ ફક્ત લેખિત મુખ્ય પરીક્ષામાં બેસવા માટેના અરજીપત્રકની પ્રિન્ટેડ નકલ કાઢી, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા સહી સાથે આ અરજીપત્રકમાં માંગવામાં આવેલ દસ્તાવેજો સાથેનું લેખિત મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક, આયોગ ભવન સેકટર -૧૦/એ , છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર -૩૮૨૦૧૦ ખાતે તા.૦૧/૦૯/૨૦૧૭ના સાંજે : ૧૮:૧૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે રૂબરૂ અથવા સ્પીડ પોસ્ટ દ્વારા મોકલી આપવાનું રહેશે.

૪ ઉપરોક્ત પેરા-૩ ની સૂચનાઓ અનુસાર નિયત સમયમર્યાદા દરમ્યાન online અરજીપત્રકો ભરનાર ઉમેદવારો જ કોલલેટર ડાઉનલોડ કરી શકશે અને તેવા ઉમેદવારો જ મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. વધુમાં, જેઓ તા.૦૧/૦૯/૨૦૧૭ ના રોજ ૧૮:૧૦ કલાક સુધીમાં અરજીપત્રક અને નીચે જણાવ્યા મુજબના બિડાણો/દસ્તાવેજો આયોગની કચેરી ખાતે રજૂ કરવાનું ચૂકશે તો તેઓ જો મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હશે અને ગમે તેટલા ગુણ મેળવેલ હશે તો પણ તેઓને અપાત્ર જાહેર કરવામાં આવશે. **(a)** એસ.એસ.સી.ઇ. અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કે અન્ય પ્રમાણપત્ર માન્ય નથી.) **(b)** પદવી પ્રમાણપત્ર, એકથી વધુ પદવી હોય તો દરેક પદવીનું પ્રમાણપત્ર. **(c)** પદવીનું ગુણ પત્રક કે પત્રકો (માર્ક્શીટસ) **(d)** અનામત જાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર. **(e)** સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૬-૨-૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ–ક (ગુજરાતીમાં) મુજબનું 'ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય' તેવું સને ૨૦૧૫-૧૬ ની આવકને ધ્યાને લઇ તા. ૦૧-૦૪-૨૦૧૬ થી તા.૨૧/૧૧/૨૦૧૬ ના સમયગાળા દરમ્યાન આપવામાં આવેલ પ્રમાણપત્ર કે જેનો નંબર અને તારીખ પ્રિલિમિનરી પરીક્ષાની ઓનલાઇન અરજી કરતી વખતે અરજીપત્રકમાં દર્શાવેલ હોય (ANNEXURE-A માત્ર કેન્દ્ર સરકારની નોકરી માટે માન્ય હોઇ ANNEXURE-A માન્ય ગણાશે નહીં). **(f)** શારીરિક રીતે અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ / સિવિલ સર્જને આપેલ તબીબી પ્રમાણપત્ર. **(g)** સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૧૧-૮૯ના પરિપત્ર ક્રમાંક: એફઓએ-૧૦૮૮-૩૯૪૦-ગ.૨થી નિયત કરવામાં આવેલ નમુનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના વાંધા પ્રમાણપત્ર. "**(h)** નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની / લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ. **(i)** વિધવા ઉમેદવારના કિસ્સામાં પુન:લગ્ન કરેલ નથી તે અંગેની એફીડેવીટ. **(j)** માજી સૈનિકના કિસ્સામાં ડીસ્ચાર્જબૂકની નકલ. **(k)** પોસ્ટ ઓફીસમાં ફી ભર્યા અંગેની પહોંચની નકલ.

ઉપરોક્ત બાબતે ઉમેદવારના પક્ષે થયેલ ચૂક પરત્વે આયોગ દ્વારા પાછળથી કોઇ પણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૫. ઉમેદવારોએ સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્ર માટે ગુજરાતી અથવા અંગ્રેજી પૈકી કોઇપણ એક માધ્યમ પસંદ કરવાનુ રહેશે. એક્વાર માધ્યમ પસંદ કર્યા બાદ કોઇપણ સંજોગોમા તે બદલી આપવામા આવશે નહી.

૬. જા.ક્ર.:૬૬-૨૦૧૬/૧૭ અંગેની અન્ય તમામ જોગવાઈઓ, શરતો અને સૂચનાઓ તા. ૦૫/૧૧/૨૦૧૬ ના રોજ પ્રસિધ્ધ થયેલ વિસ્તૃત જાહેરાત પ્રમાણેની જ રહેશે.

૭. લેખિત મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ આયોગની ઉપર દર્શાવેલ વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે.

તા.-૦૮/૦૮/૨૦૧૭